અંતિમ તબક્કામાં કામગીરીની પાદરા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ કરી સમીક્ષા

## મુજપુર-ગંભીરા બ્રિજ પર સ્ટીલનું માળખું તૈયાર

**ટૂંક સમયમાં** આ માર્ગ ટુ-વ્હીલર ચાલકો તેમજ પગપાળા અવરજવર માટે ખુલ્લો મુકવામાં આવશે

(પ્રતિનિધિ) પાદરા, તા.20

ગત જુલાઈ માસ માં ક્ષતિગ્રસ્ત થઈ તૂટી પડેલા મુજપુર-ગંભીરા બ્રિજ અંગે રાહદારીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. બ્રિજના તૂટી પડેલા ભાગ પર સ્ટીલનું વિશેષ માળખું સફળતાપૂર્વક તૈયાર કરી મૂકવામાં આવ્યું છે અને હવે ટૂંક સમયમાં આ માર્ગ ટુ-વ્હીલર ચાલકો તેમજ પગપાળા અવરજવર માટે ખુલ્લો મુકવામાં આવશે. ગંભીર ઘટનાના પગલે મુજપુર-ગંભીરા બ્રિજ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો હતો, જેના કારણે મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્ર તરફ જતા હજારો રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને પાદરા તરફ આવેલા ઔદ્યોગિક એકમોમાં કામ કરવા આવતા બોરસદ તરફના ગામોના કામદારો તેમજ રોજિંદી અવરજવર કરતા વિદ્યાર્થીઓને લાંબા સમયથી ભારે અગવડતા વેઠવી પડી રહી હતી.

મળતી માહિતી મુજબ, જૂના બ્રિજના P4 અને P5 પિલર વચ્ચે સ્ટીલનું માળખું ઊભું કરવાની કામગીરી ઘણા સમયથી ચાલુ હતી. હવે રાજ્યની વિશ્વકર્મા મરીન્સ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા તૈયાર કરાયેલું સ્ટીલનું માળખું





તૂટી પડેલા બ્રિજના ભાગ વચ્ચે સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યું છે. હવે માત્ર થોડા દિવસોની અંતિમ કામગીરી બાદ બ્રિજ ટુ-વ્હીલર ચાલકો માટે શરૂ કરવામાં આવશે. આ અંતિમ તબક્કાની કામગીરીની સમીક્ષા કરવા પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે અધિકારીઓ પાસેથી સમગ્ર કામગીરીની વિગત મેળવી હતી.

આ પ્રસંગે પાદરા ધારાસભ્ય સાથે ભાજપના કાર્યકર્તાઓએ પણ બ્રિજની મુલાકાત લીધી હતી. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, આજે અંતિમ તબક્કાની કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે અને ટૂંક સમયમાં આ બ્રિજ ટુ-વ્હીલર ચાલકો માટે શરૂ કરવામાં આવશે, જેથી લાંબા સમયથી મુશ્કેલી વેઠી રહેલા લોકો મોટી રાહત અનુભવશે. સ્થળ પર R|B વિભાગના અધિકારીઓ, મુખ્ય ટેકનિકલ સ્ટાફ તેમજ વિશ્વકર્મા મિકેનિકલ વર્ક્સના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્ટીલના માળખા પર ફક્ત દ્વિચક્રી વાહનો અને પગપાળા અવરજવર માટે જ વ્યવસ્થા કરવામાં આવશે. R|B વિભાગના અધિકારી અક્ષય જોશીએ જણાવ્યું હતું કે, સ્ટીલ માળખું સફળતાપૂર્વક સ્થાપિત કરી દેવામાં આવ્યું છે અને હવે સુરક્ષા તથા અંતિમ તકનિકી કામગીરી પૂર્ણ થયા બાદ જ બ્રિજ જાહેર ઉપયોગ માટે ખુલ્લો મુકવામાં આવશે.

પાદરાના ચોકારી મેઘા તલાવડીનો બનાવ

## સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા બોડેલીના એક વેપારી

**રૂ. 14.01 લાખ** ખાતા માંથી ઉડી જતા વેપારી છોટાઉદેપુર સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) બોડેલી, તા.20

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી ખાતે સાયબર છેતરપિંડી કિસ્સો બન્યો પ્રાપ્તમાહિતી મુજબ બોડેલીના ઢોકલીયા વિસ્તારમાં રહેતા 64 વર્ષીય વેપારી જયેશભાઈ જશવંતલાલ શાહને તા. 27 ડિસેમ્બર 2025ના રોજ એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી વ્હોટ્સએપ પર "RTO E-CHALAN 500.APK FILE" નામનો મેસેજ મળ્યો હતો. ગાડીનો મેમો હોવાનું સમજી તેમણે ફાઈલ ઓપન કરી હતી,

પરંતુ ત્યારબાદ કોઈ માહિતી દેખાઈ નહોતી. બીજા દિવસે તા. 28 ડિસેમ્બર 2025ના રોજ સાંજે તેમના HDFC બેંક ખાતામાંથી પહેલા 10,000 અને બાદમાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા 4.80 લાખ, 3.80 લાખ અને 5.31 લાખ એમ કુલ 14.01 લાખ કપાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ તેમના ભત્રીજાએ તાત્કાલિક બેંક હેલ્પલાઈન પર સંપર્ક કરી ખાતું બ્લોક કરાવ્યું હતું. સાથે જ પીડિત દ્વારા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

નવીનીકરણ બાદ ભક્તોને સુવિધા વધશે, રેવા સ્નાન બનશે સરળ

## ડભોઈ તાલુકા કરનાળી તિર્થ ઘાટ રિનોવેશનને લીલી ઝંડી, ભક્તોમાં ખુશી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.20

ડભોઈ તાલુકાના પ્રખ્યાત પૌરાણિક અને ધાર્મિક સ્થળ કરનાળી ઘાટના નવીનીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા ટેન્ડર જાહેર કરવામાં આવતા ભક્તોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ, ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા દ્વારા નર્મદા નદીના ઘાટોના વિકાસ માટે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી હતી, જેના પરિણામે ગુજરાત સરકારના સંબંધિત વિભાગ દ્વારા "ડેવલપમેન્ટ ઓફ કરનાળી ઘાટ ઓન નર્મદા રિવર" માટે આશરે



5,73,63,340ના ખર્ચે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે.

આ ઘાટ રેવા તટે આવેલા પૌરાણિક કુબેરેશ્વર મહાદેવ મંદિર સાથે સંકળાયેલો હોવાથી દર માસની અમાસે અહીં ભક્તોનું ભારે ઘોડાપૂર ઉમટે છે. હાલની પરિસ્થિતિમાં પૂરતી સુવિધાઓના અભાવને કારણે ભક્તોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. નવીનીકરણ બાદ ઘાટ પર પાયો મજબૂત બનશે તેમજ સ્નાન, આવાગમન અને સુરક્ષાની સુવિધાઓમાં વધારો થશે, જેના કારણે ભક્તોને રેવા સ્નાન વધુ સરળતાથી કરી શકાશે.

ઇજાગ્રસ્ત દંપતી પૈકી પતિનું મોત થયું હતું

## મૃતકની પત્નીએ ન્યાય માટે દરવાજા ખટખટાવ્યા, કડક કાર્યવાહીની માગ

**બોડેલીમાં** હિટ એન્ડ રન કેસમાં આરોપી સામે પગલાં ભરવા માગ

(પ્રતિનિધિ) સંખેડા, તા.20

બોડેલીના આશાસ્પદ યુવક કમલેશ પરમારનું હિટ એન્ડ રનની ઘટનામાં મોત થતાં મૃતકની પત્નીએ ન્યાય માટે દરવાજા ખટખટાવ્યા છે. બેફિકરાઈથી કાર ફુલ સ્પીડે હંકારી અકસ્માત કરનાર સામે કડક કાર્યવાહી કરવા માટે જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરીને આરોપીનું નામ ઉમેરી તેની સામે પગલાં ભરવા માટે ની માંગ કરી છે.

મારતાં સ્કૂટર ચાલક કમલેશ પરમારને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને બોડેલી દવાખાનેથી વડોદરા લઈ ગયા જ્યાં તેમનું મોત થયું હતું. ત્યારે નોંધાયેલી ફરિયાદમાં આરોપીનું નામ લખાવ્યું ન હતું, પણ લોક ટોળાએ કાર ચાલકને પકડી પોલીસને સોંપ્યો હતો.

છતાં પોલીસે પગલાં ન ભરતાં, પોતાને ન્યાય મળે તે માટે મૃતકની પત્ની કરિશ્માબેને BNS ની કલમ 106 (2) નો ઉમેરો કરી કાર ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડાથી ગૃહ મંત્રી હર્ષ સંઘવી સુધી લેખિત ફરિયાદ કરી છે.

શું અધિકારીઓની રહેમનજર હેઠળ ચાલે છે આ ખેલ?

## રાજપીપલા ખાણ ખનીજ વિભાગે પાવડર ભરેલી ત્રણ ગાડીઓ ઝડપી પાડતા છોટાઉદેપુર તંત્રની પોલ ખુલી

**ધામસિયા** ચેકપોસ્ટની ભૂમિકા સામે ગંભીર સવાલો

(પ્રતિનિધિ) બોડેલી, તા.20

છોટાઉદેપુર જિલ્લામાં ડોલોમાઈટ પાવડરના ગેરકાયદેસર પરિવહને માઝા મૂકી છે. તારીખ ૧૮/૦૩/૨૬ ના રોજ રાજપીપલા ખાણ ખનીજ વિભાગની ટીમે સપાટો બોલાવી રાજપીપલાના સિસોદ્રા ફાટક ચોકડી પાસે રોયલ્ટી વિનાની પાવડર ભરેલી ત્રણ ગાડીઓ ઝડપી પાડી હતી. અને પોતાની



ઉત્કૃષ્ટ કામગીરી બતાવી હતી. પકડાયેલા વાહનોમાં GJ-05-BU-2561, GJ-08-Y-1755 અને GJ-17-UU-8714 નો સમાવેશ થાય છે. આ કાર્યવાહીએ છોટાઉદેપુર જિલ્લાના ખનીજ માફિયાઓ અને સ્થાનિક તંત્ર વચ્ચેની મિલીભગતની ચર્ચાઓને તેજ કરી દીધી છે. સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે, છોટાઉદેપુર અને રાજપીપલાની સરહદ પર આવેલી ધામસિયા ચેકપોસ્ટ પરથી આ ડોલોમાઈટ પાવડરની ગાડીઓ રોકટોક વગર કેવી રીતે પસાર થઈ ગઈ ? લોકચર્ચા મુજબના મુખ્ય મુદ્દાઓ: છોટાઉદેપુર પંથકમાં એવી પ્રબળ ચર્ચા ચાલી રહી છે કે રોજની ૧૦૦ થી વધુ પાવડર ભરેલી ટ્રકો કોઈપણ જાતની રોયલ્ટી ભર્યા વિના ધામસિયા અને ગામડી ચેકપોસ્ટ પરથી બિન્દાસ પસાર થઈ રહી છે. આ ગાડીઓ માત્ર બોગસ બીલ કાંતો જીએસટી બિલ કે અધૂરા દસ્તાવેજોના આધારે બેરોકટોક પસાર થઈ જાય છે.

મગર પ્રાણી જીવરક્ષક સંસ્થાએ પકડયો

## સાધી ગામના રામેશ્વર તળાવ પાસેથી મગર પકડી વન વિભાગને સોપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા શહેર અને તાલુકામાં માનવ વસાહત નજીક બે અલગ અલગ સ્થળોએ મગર દેખાતા સ્થાનિકોમાં ભય અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. જોકે સમયસર મળેલી જાણ અને પ્રાણી જીવરક્ષક સંસ્થા તથા વન વિભાગની તાત્કાલિક કામગીરીના કારણે બંને મગરોને સહીસલામત રીતે પકડી લેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, પાદરા શહેરમાં રામેશ્વર તળાવ નજીક માનવ વસાહતમાં આશરે 9થી 10 ફૂટ લાંબો મગર આવી ચડ્યો હતો. મગર દેખાતા આસપાસના રહેવાસીઓમાં દહેશત ફેલાઈ



ગઈ હતી. સ્થાનિક રહેવાસીઓએ તરત જ પ્રાણી જીવરક્ષક સંસ્થાના હેલ્પલાઈન નંબર પર જાણ કરતા સંસ્થાની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ સંસ્થાની ટીમે પાદરાના RFO અધિકારીને જાણ કરી, વન વિભાગની ટીમ સાથે મળીને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે જહેમત બાદ મગરને સહીસલામત રીતે પકડી લેવામાં આવ્યો હતો અને ત્યારપછી તેને પાદરા ફોરેસ્ટ ખાતાની કચેરીએ જમા કરાવવામાં આવ્યો હતો.

ચૈતન્યસિંહ ઝાલાના સમર્થન પ્રેરિત બેન્ક હિતરક્ષક સમિતિ પેનલના 15 ઉમેદવારો

## પાદરા નગર નાગરીક સહકારી બેંકની ચૂંટણીમાં 26એ ઉમેદવારી પત્રો ભર્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા નગર નાગરિક સહકારી બેંક ચૂંટણીમાં ભાજપ અને ચૈતન્યસિંહ ઝાલાના સમર્થન પ્રેરિત બેન્ક હિત રક્ષક સમિતિ પેનલના ૧૫ ઉમેદવારો સહીત કુલ ૨૬ એ નોંધાવી ઉમેદવારી. - 12 એપ્રિલે યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો. ધી પાદરા નગર નાગરિક સહકારી બેંકની આગામી 12 એપ્રિલના રોજ યોજાનારી વ્યવસ્થાપક મંડળની ચૂંટણીને લઈ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. બેંકની 15 બેઠકો માટે યોજાનારી આ ચૂંટણી સંદર્ભે ઉમેદવારી પત્રો ભરવાની



પ્રક્રિયા અંતર્ગત આજે ભાજપ પ્રેરિત પેનલના ૧૫ ઉમેદવારોએ સત્તાવાર રીતે ઉમેદવારી પત્રો ભર્યા હતા. જ્યારે અન્ય બીજા ૧૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

મળતી માહિતી મુજબ, ઉમેદવારી પત્રો ભરવાની તારીખો 19 અને 20 માર્ચ નક્કી કરવામાં આવી હતી. ગત રોજ પાદરા નગરના કેટલાક યુવા ચહેરાઓએ ઉમેદવારી નોંધાવી હતી, જ્યારે શુક્રવારે ભાજપ પ્રેરિત પેનલે પાદરા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ જોરદાર શક્તિપ્રદર્શન સાથે 15 ઉમેદવારોના ફોર્મ ભરાવ્યા હતા. આ વખતે નોંધપાત્ર બાબત એ રહી કે, ગત ટર્મમાં ચૂંટાયેલા કેટલાક જૂના ડિરેક્ટરોએ ૧૦ વર્ષ સુધીની મુદત પૂર્ણ થતા નિયમોનુસાર રીતે ચૂંટણી ન લડી શકે તેમના સ્થાને ભાજપ પ્રેરિત પેનલે અનેક નવા અને યુવા ચહેરાઓને પ્રાથમિકતા આપતા નવી રાજકીય અને સંગઠનાત્મક દિશાનો સંકેત આપ્યો છે.

APMC ફાયર બ્રિગેડે આગ કાબુમાં લીધી

## સંખેડા પાસે ગૌશાળામાં આગ: તોફાની વાતાવરણ વચ્ચે આગ પર કાબુ

(પ્રતિનિધિ) સંખેડા, તા.20

સંખેડા તાલુકાના પીપળશટ નજીક આવેલી એક ગૌશાળામાં અગમ્ય કારણોસર આગ લાગવાની ઘટના સામે આવી છે. તોફાની વાતાવરણ વચ્ચે લાગેલી આ આગે થોડીવાર માટે ભયનો માહોલ સર્જ્યો હતો, જોકે બહાદરપુર APMC ફાયર બ્રિગેડે તાત્કાલિક પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો.

મળતી માહિતી મુજબ, આ ઘટના રાત્રિના સમયે બની હતી, જ્યારે સંખેડા તાલુકામાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ભારે પવન સાથે વીજળીના ચમકારા અને ઝરમર વરસાદ વચ્ચે ગૌશાળામાં આગ ભભૂકી ઉઠી હતી. પવનના કારણે



આગ વધુ ફેલાવાની શક્યતા ઊભી થઈ હતી. હાડોદ અને પીપળશટ વચ્ચે આવેલી ગૌશાળામાં આગ લાગતા સંચાલકો તથા ગામલોકોએ બહાદરપુર APMC ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ગાડી સ્થળ પર દોડી આવી હતી. ફાયર બ્રિગેડે ઝડપી કામગીરી હાથ ધરી બે ટેન્કર પાણીનો છંટકાવ કરીને આગને સંપૂર્ણપણે કાબુમાં લીધી હતી.

## બોડેલીમાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની ધામધૂમથી ઉજવણી



(પ્રતિનિધિ) બોડેલી, તા.20

ચેટીચાંદ પર્વ નિમિતે બોડેલી સિંધી સમાજ દ્વારા ભગવાન જૂલેલાલ નું મંદિરો શણગારવામાં આવ્યું હતું અને સિંધી સમાજ દ્વારા ચેટીચાંદના મહાપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે બોડેલી જૂલેલાલ મંદિર શોભાયાત્રા નીકાળી લક્ષ્મી રોડ પર રહી ને મુખ્ય માર્ગ રહેતા બોડેલી અલીપુરા ચાર રસ્તા તરફ ગઈ હતી ચેટી ચાંદ પર્વ ને લઈ બોડેલી સિંધી સમાજ ની દુકાનો બંધ રાખી મોટી સંખ્યામાં શોભાયાત્રા માં જોડ્યા હતા.

ખેડૂતોની વળતરની માંગ, કૃષિ વિભાગ દ્વારા તાત્કાલિક સર્વેની જરૂરિયાત

## નસવાડીમાં વાવાઝોડાથી કેરીના પાકને ભારે નુકસાન, ખેડૂતોમાં ચિંતા

**તીવ્ર પવનથી** મોર અને નાની કેરીઓ જમીન પર પડી, બાગાયતી ખેતીને મોટો ફટકો

(પ્રતિનિધિ) નસવાડી, તા.20

નસવાડી તાલુકામાં અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર ગતિએ ફૂંકાયેલા પવન સાથેના વાવાઝોડાએ બાગાયતી ખેતીને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ખાસ કરીને આંબાની વાડીઓમાં તૈયાર થઈ રહેલા કેરીના પાકને મોટાપાયે અસર થતાં ખેડૂતોમાં ચિંતા અને નિરાશા ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ, નસવાડી તાલુકામાં પાંચથી



વધુ આંબાની વાડીઓ આવેલી છે, જેમાં અંદાજે 2000 જેટલા આંબાના વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. હાલ આંબાના વૃક્ષો પર મોર અને નાની-નાની કેરીઓ લાગેલી હતી અને ખેડૂતોને આ વર્ષે સારો પાક મળવાની આશા હતી. પરંતુ અચાનક આવેલા વાવાઝોડાએ તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું છે.

તીવ્ર પવનના કારણે આંબાના વૃક્ષો પર લાગેલા મોર અને નાની કેરીઓ મોટી સંખ્યામાં જમીન પર પડી ગઈ છે. કેટલાક સ્થળોએ વૃક્ષોની ડાળીઓ પણ તૂટી પડવાની ઘટનાઓ સામે આવી છે. પરિણામે પાકને ભારે નુકસાન થયું છે અને ખેડૂતોને આર્થિક રીતે મોટો ફટકો પડ્યો છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, આવી પરિસ્થિતિ સતત બીજા વર્ષે સર્જાઈ રહી છે. ગત વર્ષે પણ અનિયમિત હવામાન અને પવનના કારણે બાગાયતી પાકને નુકસાન થયું હતું, છતાં પૂરતું વળતર મળ્યું નહોતું, જેના કારણે ખેડૂતોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

પાકોને નુકસાનની ભીતિ, ખેડૂતો દ્વારા સહાયની માંગ

## શિનોર પંથકમાં મિની વાવાઝોડું: ભારેપવનથી નુકસાન, ખેડૂતોમાં ચિંતા

(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોર પંથકમાં ગુરુવારે સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક ગામોમાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે સમગ્ર વિસ્તાર અંધકારમય બની ગયો હતો.

મળતી માહિતી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે આ અચાનક હવામાન ફેરફાર નોંધાયો હતો. ભારે પવન સાથે ઝરમર વરસાદ પણ વરસ્યો હતો, જેના કારણે સામાન્ય જનજીવન પર અસર પડી હતી.

શિનોર ખાતે તોફાની પવનના કારણે એક મકાનની દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. જોકે



સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

આ વાવાઝોડા જેવી સ્થિતિના કારણે મકાઈ, દિવેલા, ઘઉં અને કેરી જેવા પાકોને મોટા પ્રમાણમાં નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ ગઈ છે.

ખેડૂતો દ્વારા તાત્કાલિક નુકસાનનું સર્વેક્ષણ કરી સરકાર તરફથી યોગ્ય સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## છોટાઉદેપુરમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કાર્યકર્તા સંમેલન યોજાયું

**વાવાઝોડાથી** મંડપ તૂટી જતા કાર્યકર્તાઓ તાપમાં બેઠા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

છોટાઉદેપુરમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. ભારે વાવાઝોડા અને વરસાદને કારણે કાર્યક્રમ સ્થળે તૈયાર કરાયેલો વિશાળ મંડપ તૂટી પડ્યો હોવા છતાં, મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભર ઉનાળાના તાપમાં ખુલ્લામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગત રાત્રિના વાવાઝોડા અને વરસાદથી મંડપને નુકસાન થયું હતું. ઊંચા તાપમાન છતાં કાર્યકર્તાઓ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં



જોડાયા હતા. કાર્યકર્તાઓને તાપમાં બેઠેલા જોઈને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પણ મંચ પર છાંયામાં બેસવાનું ટાળી, પોતે ધોમધમતા તાપમાં ઊભા રહીને વક્તવ્ય આપ્યું હતું. તેમના આ વલણથી કાર્યકર્તાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આજના પ્રવાસની શરૂઆતમાં જગદીશ વિશ્વકર્મા સૌપ્રથમ સાંસદ જશુભાઈ રાઠવાના નિવાસ્થાને પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે મહાકાળી માતાજી મંદિર અને ગોરા રામજી મંદિર ખાતે દર્શન કર્યા હતા. તેઓ પૂર્વ મહામંત્રી સ્વ. મુકેશ પટેલના નિવાસ્થાને પણ ગયા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. આ ઉપરાંત, તેમણે આર.એસ.એસ. કાર્યાલયની પણ મુલાકાત લીધી હતી.

પ્રદેશ અધ્યક્ષના આગમનને પગલે શહેરમાં રાજકીય માહોલ ગરમાયો હતો. સાંસદ જશુભાઈ રાઠવા, પ્રદેશ ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવા, ધારાસભ્યો રાજેન્દ્રસિંહ રાઠવા, જયંતિ રાઠવા, અભેસિંહ તડવી અને ભાજપ પ્રમુખ ઉમેશ રાઠવાની આગેવાનીમાં નગરમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો જોડાયા હતા.